# પશ્ચાત્તાપ

સંકલન : રાજશ્રી પટેલ

અઢળક સંપત્તિના એક માલિકને બે પુત્રો હતા. બન્ને યુવાન હતા. નાના પુત્રે એકવાર તેના પિતાને કહ્યું, ''પિતાજી, મારા ભાગે આવતી મિલકતનો હિસ્સો મને આપી દો.'' તેના પિતા સમજદાર હતા. તેમણે બન્ને ભાઈઓને તેઓના ભાગની મિલકત વહેંચી આપી. થોડા દિવસ પછી નાનો પુત્ર પોતાની સંપત્તિ લઈને દૂરના દેશમાં ચાલ્યો ગયો અને ત્યાં મોજશોખ પાછળ બધી જ સંપત્તિ



વેડફી નાખી.

થોડા સમય બાદ તે દેશમાં તીવ્ર ભૂખમરાની પરિસ્થિતિ આવી ગઈ. નાના પુત્ર પાસે કશું જ ન રહ્યું. તે કામની શોધમાં નીકળ્યો અને એક જમીન માલિકને ત્યાં નોકર તરીકે રહેવા લાગ્યો. તે ઘેટાં–બકરાંની સંભાળ રાખતો, તેમને ચરવા લઈ જતો પણ તેનો માલિક તેને કશું જ ખાવાનું આપતો નહિ.

એક દિવસ તેના મનમાં વિચાર આવ્યો, મારા પિતાના નોકરોને પણ જે જોઈએ તે ખાવાનું મળી રહેતું, જ્યારે  હું તો ઘણી બધી સંપત્તિનો માલિક હોવા છતાં અહીં ભૂખે મરું છું. હું મારા પિતાને ત્યાં જઈશ, તેમની માફી માગીશ અને કહીશ, ‘‘મેં ખૂબ પાપ કર્યાં છે, હું ગુનેગાર છું તમારો અને ઈશ્વરનો. હું તમારો પુત્ર કહેવાને લાયક નથી.’’ હું મારા પિતાને ત્યાં નોકર તરીકે કામ કરીશ અને મારા પાપનું/ભૂલનું પ્રાયશ્ચિત્ત કરીશ.

આમ વિચારી તે તેના પિતાના ઘરે પાછો ફર્યો. ઘરની બહાર મેલાં–ઘેલાં કપડાં પહેરેલો, થાકેલો, દૂબળો–પાતળો યુવાન તેના પિતાએ જોયો. પ્રેમાળ પિતાની આંખ તેના પુત્રને આવી દશામાં પણ ઓળખી ગઈ. તેમનું હૃદય દ્રવી ઊઠ્યું. તે તેના પુત્રને ભેટી પડયા અને હરખથી તેમની આંખો છલકાઈ ગઈ. પુત્ર બોલ્યો, ‘‘પિતાજી, હું ઈશ્વરનો અને તમારો ગુનેગાર છું. મેં તમને અને પ્રભુને ખૂબજ દુઃખ પહોંચાડયું છે. હું તમારો પુત્ર કહેવડાવવાને લાયક નથી. માફીને પાત્ર પણ નથી.’’

તેના પિતાએ તરત જ બધા નોકરોને બોલાવીને કહ્યું. ‘‘જુઓ, મારા દીકરાને એક રાજકુમારની જેમ તૈયાર કરો. સુંદર વસ્ત્રો, અલંકારો પહેરાવો. આખા ગામની દરેકે દરેક વ્યક્તિને જમવાનું આમંત્રણ આપો. સ્વાદિષ્ટ ભોજનની તૈયારી કરો. આજે હું બહુ જ ખુશ છું. આખા ગામમાં ઉત્સવ મનાવીશું. મારો દીકરો જે પહેલાં  મૃતઃપ્રાય હતો, તે આજે જીવિત થયો છે. જે ખોવાઈ ગયો હતો તે આજે પાછો મળી ગયો છે. તેનામાં રહેલી મલિનતા દૂર થઈ છે. આજે તે પવિત્ર બન્યો છે. બધું જ ગુમાવીને પણ તેણે ઘણું બધું મેળવી લીધું છે.’’ પુત્ર ભાવવિભોર થઈ પિતાના ચરણે પડયો.

■